DAY — 08 SEAT NUMBER | | | | | | |

2025	II	20	1500	J-308	(G)

POLITICAL SCIENCE (42)

Time : 3 Hrs. **(7 Pages)** **Max. Marks : 80**

સૂચનાઓ : *(૧) બધાજ પ્રશ્નો / પ્રવૃત્તિઓ ફરજિયાત છે.*

(૨) જમણી બાજુએ ગુણ (માર્કસ) દર્શાવ્યા છે.

(૩) પ્રશ્ન ક્રમાંક ૨ (અ) નાં સંકલ્પના ચિત્ર અને તેની રૂપરેખા / આકૃતિ ઉત્તર પત્રિકામાં બનાવવા.

(૪) નવો પ્રશ્ન નવા પાનેથી શરૂ કરવો.

પ્ર. ૧. (અ) કૌંસમાંથી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાનો પૂર્ણ કરો : (૫) **[૨૦]**

(૧) વૈશ્વિક વ્યાપાર સંગઠન (WTO) ની સ્થાપના
····· વર્ષમાં થઇ
(૧૯૭૫, ૧૯૮૫, ૧૯૯૫, ૨૦૦૫)

(૨) ૧૯૬૦ નાં દશકમાં ભારતમાં કૃષિ ક્ષેત્રમાં ····· ક્રાંતિ થઈ.
(શ્વેત, નિલ, હરિત, ઔદ્યોગિક)

(૩) રાષ્ટ્રવાદ એ એકતાની લાગણી ઊભી કરવામાં ····· ઓળખની ભાવના છે.
(આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજકીય)

(૪) લોકપાલની સંકલ્પના ..... દેશમાંથી લેવામાં આવી છે.

(અમેરિકા, સ્વીડન, ઇંગ્લેન્ડ, કેનેડા)

(૫) ઇ.સ. ૧૯૭૨માં ભારત અને પાકિસ્તાન વચ્ચે .....કરાર થયા.

(લાહોર, શિમલા, તાશ્કંદ, પંચશીલ)

(બ) નીચેના દરેક જૂથમાંથી અયોગ્ય જોડીને ઓળખી તેને બદલે સાચી/યોગ્ય જોડી ફરીથી લખો : (૩)

(૧) (અ) પંડિત જવાહરલાલ નેહરુ — 'ડિસ્કવરી ઑફ ઇંડિયા'

(બ) તામિલ લોકોના હક માટેનો સંઘર્ષ — SAARC (સાર્ક)

(ક) અમેરિકા — મેલ્ટીંગ પૉટ

(૨) (અ) મહારાષ્ટ્ર લોકાયુક્ત સંસ્થા — ૧૯૭૨

(બ) માહિતીનાં અધિકારનો કાયદો — ૨૦૦૮

(ક) ગ્રાહક સુરક્ષા કાયદો — ૧૯૮૬

(૩) (અ) NATO — યુરોપ

(બ) CENTO — પશ્ચિમ એશિયા

(ક) SEATO — આફ્રિકા

(ક) નીચેનાં વિધાનોમાં આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાનો પૂર્ણ કરો : (૪)

(૧) માસ્ત્રીક્ત કરાર સંદર્ભ .....

(અ) યુરોપિયન સંઘ

(બ) બ્રિક્સ (BRICS) ની સ્થાપના

(ક) સાર્ક સંગઠન

(૨) સામ્યવાદી બજાર અર્થવ્યવસ્થા - આ સંકલ્પના, આ દેશનાં સંદર્ભમાં વાપરવામાં આવે છે .....

(અ) ભારત

(બ) ચીન

(ક) અમેરિકા

(૩) આજે ભારતનો લિંગભાવ પ્રત્યેનો દૃષ્ટિકોણ આના પર લક્ષ કેન્દ્રિત કરે છે .....

(અ) શિક્ષણ

(બ) મહિલા સક્ષમીકરણ

(ક) વિકાસ

(૪) આ ચારુ મજુમદાર સાથે સંકળાયેલું છે .....

(અ) નક્સલવાદી ચળવળ

(બ) હિજબુલ મુજાહિદ્દીન

(ક) આસામમાં તેલ નાકાબંધી

(ડ) નીચેના વિધાનો માટે યોગ્ય સંકલ્પના જણાવો : (૪)

(૧) ભારત સરકારનો વિચાર ગૃહ તરીકે કાર્ય કરનાર આયોગ જે દિશા ચીંધીને નીતિ વિશે સલાહ આપે છે.

(૨) હિંસાનો ઉપયોગ કરીને સમાજમાં ભય નિર્માણ કરવો.

(૩) લોકોનો રાજ્યની નિર્ણય પ્રક્રિયામાં સહભાગ.

(૪) બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા અને સોવ્હિયેટ રશિયા વચ્ચે શરૂ થયેલો સંઘર્ષ.

(ઇ) જૂથમાં બંધબેસતો ન હોય, તે શબ્દ ઓળખીને લખો : (૪)

(૧) બિમ્સટેક (BIMSTEC) નાં સદસ્ય - ભારત, ભૂતાન, નેપાળ, અમેરિકા.

(૨) ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, વ્હૉટસ્અૅપ, ઇંટરનેટ.

(૩) હવામાનમાં બદલાવ, પ્રદૂષણ, જંગલતોડ, ગરીબી.

(૪) કાયદામંડળ, કાર્યકારીમંડળ, ન્યાયમંડળ, મહામંડળ (નિગમ)

પ્ર. ૨. **(અ)** નીચે આપેલું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો : (૪) **[૯]**



(બ) આપેલા નકશાનું નિરીક્ષણ કરીને આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો : (૫)



(૧) સોવ્હિયેટ રશિયાના વિઘટન પછી ઉદય પામેલા કોઈપણ પાંચ દેશોના નામ લખો.

પ્ર. ૩. નીચે આપેલાં વિધાનો <u>સાચાં</u> છે કે <u>ખોટાં</u> તે સકારણ જણાવો (કોઈપણ <u>પાંચ</u>) : **[૧૦]**

(૧) વૈશ્વિકરણને કારણે બિન-સરકારી સંસ્થાઓનું મહત્ત્વ ઓછું થયું છે.

(૨) બહુરાષ્ટ્રીય કંપનીઓનો પાયો, ઘર કે મુખ્ય મથક કોઈ એક ચોક્કસ દેશમાં હોતું નથી.

(૩) રાષ્ટ્રીય મહિલા આયોગની સ્થાપના, મહિલા હક્ક સંરક્ષણ માટે કરવામાં આવી.

(૪) ૧૯૮૬નાં વર્ષમાં સંયુક્ત રાષ્ટ્રસંઘનો સ્ત્રીઓ માટેનો દશક શરૂ થયો.

(૫) સ્વાતંત્ર્ય ચળવળે ભારતની રાષ્ટ્રીય એકાત્મતામાં યોગ્ય ભૂમિકા ભજવી.

(૬) ૧૯૮૦ નાં દશકને માનવતાવાદી હસ્તક્ષેપનો સુવર્ણયુગ માનવામાં આવે છે.

(૭) સુપ્રશાસનનો હેતુ નૈસર્ગિક સાધનોનો કાર્યક્ષમ વપરાશ હોવો જોઈએ.

પ્ર. ૪. નીચેનાં વિધાનો વચ્ચે સહસંબંધ સ્પષ્ટ કરો (કોઈપણ <u>ત્રણ</u>) : **[૯]**

(૧) શીતયુદ્ધનો અંત - નવા રાષ્ટ્રોનો ઉદય

(૨) વૈશ્વિકરણ - સંસ્કૃતિ

(૩) ગરીબી - વિકાસ

(૪) જમ્મુ અને કાશ્મીર - સરહદ પારનો આતંકવાદ

(૫) ભારત - અલિપ્તતાવાદ

પ્ર. ૫. નીચેનાં વિધાનો પર ૨૫ થી ૩૦ શબ્દોમાં તમારો મત જણાવો (કોઈપણ <u>ત્રણ</u>) : **[૧૨]**

(૧) તંત્રજ્ઞાનમાં પ્રગતિ થવાથી તેની માનવ જીવન પર અસર થઈ છે.

(૨) પર્યાવરણનું સંરક્ષણ આજનાં સમયની જરૂરિયાત છે.

(૩) આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા છે.

(૪) ઈ-પ્રશાસન, શાસનને જનતાની નજીક લાવ્યું છે.

(૫) ભારત એક ઉગતી સત્તા છે.

પ્ર. ૬. નીચેનાં પ્રશ્નોનાં ૮૦ થી ૧૦૦ શબ્દોમાં ઉત્તર લખો (કોઈપણ <u>બે</u>) : **[૧૦]**

(૧) યુરોપિયન મહાસંઘ કઈ રીતે કાર્ય કરે છે ?

(૨) વૈશ્વિકરણનાં રાજનૈતિક ક્ષેત્ર પર પરિણામ સ્પષ્ટ કરો.

(૩) ભારતીય મહિલાઓની સમસ્યાઓ વિશે જણાવો.

(૪) રાષ્ટ્રીય એકાત્મતા સ્થાપિત કરવા માટે રાજ્યની ભૂમિકા સ્પષ્ટ કરો.

પ્ર ૭. નીચેનામાંથી કોઈપણ <u>એક</u> પ્રશ્નનો ઉત્તર આપેલા મુદ્દાને આધારે **[૧૦]**

૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં લખો :

(i) સુશાસનનાં નીચે આપેલાં મૂલ્યો સમજાવો :

(૧) સહભાગી

(૨) પારદર્શકતા

(૩) કાયદાનું રાજ્ય

(૪) સહમતિ દર્શક

(૫) ઉત્તરદાયિત્વ (જવાબદારી)

(ii) ભારતની વિદેશ નીતિને અસર કરનારા ઘટક સ્પષ્ટ કરો :

(૧) ભૌગોલિક ઘટક

(૨) ઐતિહાસિક ઘટક

(૩) આર્થિક ઘટક

(૪) રાજનૈતિક ઘટક

(૫) આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા

◆◆◆